# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




કરમસદ - આણંદ મહાનગરપાલિકામાં પૂર્વ જાણ વગરની 'અચાનક હડતાલ' સામે તંત્ર આક્રમક

# સમસ્યા છે તો સીધી રજૂઆત કરો, હડતાલ નહીં : મ્યુનિ. કમિશનર

**આવેદન પત્રના** બહાને મેયરને મળીને કર્મચારી હડતાલ પર ઉતરી ગયાનો દાવો

(પ્રતિનિધિ) આણંદ તા.૬

કરમસદ - આણંદ મ્યુનિસિપલ કર્મચારીઓની હડતાલને પગલે વહીવટી તંત્ર અને આંદોલનકારીઓ સામસામે આવી ગયા છે. તંત્રએ આ હડતાલને અનપેક્ષિત ગણાવતા સ્પષ્ટ કર્યું છે કે, રજૂઆત કરવા માટે વહીવટી દ્વાર હંમેશા ખુલ્લા છે, પરંતુ તર્કબદ્ધ ચર્ચા કર્યા વગર જ સીધું કામ બંધ કરી દેવાનું વલણ યોગ્ય નથી.

આ અંગે મ્યુનિસિપલ સત્તાધીશોના જણાવ્યા અનુસાર, બુધવાર બપોર પછી કર્મચારીઓના પ્રતિનિધિઓ મેયરને આવેદન પત્ર આપવાના બહાને મળ્યા હતા. જોકે, આવેદન આપ્યા બાદ કોઈપણ જાતની પૂર્વ સૂચના આપ્યા વિના તેઓ અચાનક જ હડતાલ પર બેસી ગયા હતા. આશ્ચર્યની વાત એ છે કે, જે સમયે આ ઘટના બની ત્યારે ઉચ્ચ અધિકારીઓ ઓફિસમાં જ હાજર હતા, તેમ છતાં તેમની સમક્ષ કોઈ રજૂઆત કરવામાં આવી નહોતી.

આ હડતાલ પાછળ વેતન અને સમયસર પગાર ન મળતો હોવાના કારણો ચર્ચાઈ રહ્યા છે, પરંતુ તંત્રએ આ બાબતે સ્પષ્ટતા કરી છે કે વેતન ઓછું મળતું હોય અથવા ચુકવણું સમયસર ન થતું હોય તેવી કોઈપણ લેખિત કે મૌખિક રજૂઆત મેયર કે વહીવટી તંત્રને આજ દિન સુધી મળી નથી.

આ અંગે મ્યુનિસિપલ કમિશનર આર.એન. ડોડીયાએ ભારપૂર્વક જણાવ્યું છે કે, અમે કામદારોના પ્રશ્નો સાંભળવા તૈયાર છીએ, પણ પ્રશ્નો રજૂ કરવા માટે કોઈ અમારી પાસે આવ્યું જ નથી. અમે આજે પણ ઓફિસમાં બેઠા છીએ અને સંવાદ માટે તૈયાર છીએ. કર્મચારીઓના જે કંઈ પણ પ્રશ્નો હોય તે સીધા આવીને રજૂ કરી શકે છે. હડતાલ છોડીને તુરંત કામ પર પરત આવવા અમારી નમ્ર વિનંતી છે.

### ભરતસિંહ સોલંકીએ મુલાકાત લીધી



કરમસદ - આણંદ મનપાના કર્મચારીઓની હડતાલના બીજા દિવસે અચાનક પૂર્વ કેન્દ્રિય મંત્રી ભરતસિંહ સોલંકીએ મુલાકાત લેતા રાજકીય ગરમાવો આવી ગયો છે. આ મુદ્દે ભરતસિંહ સોલંકીએ કર્મચારી તરફી નિર્ણય લેવા માગણી ઉઠાવી છે. આ મુલાકાત દરમિયાન કોંગ્રેસના કોર્પોરેટરો પણ હાજર રહ્યાં હતાં. હાલ મુદ્દો રાજકીય રંગ લાવે તેવી શક્યતા જોવા મળી રહી છે.

'સમાન કામ, સમાન વેતન' અને કોન્ટ્રાક્ટ પ્રથા નાબૂદ કરવા માગ

# નડિયાદ શહેરના સફાઈ કામદારોનો હક્ક માટે હૂંકાર

**કામદારોએ ૨૦** પડતર માંગણી સાથે તંત્રને આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

નડિયાદ શહેરમાં સ્વચ્છતાની જવાબદારી સંભાળતા સફાઈ કામદારોએ લાંબા સમયથી પોતાના હક્કોથી વંચિત રહેતા હોવાના આક્ષેપ સાથે તંત્ર સામે મોરચો માંડ્યો છે. અખિલ ભારતીય સફાઈ મજદૂર સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા નડિયાદના ધારાસભ્ય, જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરને ૨૦ જેટલી મુખ્ય માંગણીઓ સાથેનું વિસ્તૃત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે.

આ આવેદનપત્રમાં શ્રમ કાયદાઓ અને બંધારણીય કલમોનો હવાલો આપીને કામદારો માટે માનવોચિત કાર્યપરિસ્થિતિની માંગ કરવામાં આવી છે. કામદારોની મુખ્ય માંગણીઓમાં સમાન કામ માટે સમાન વેતન, કોન્ટ્રાક્ટ પ્રથા બંધ કરી લાયક કર્મચારીઓને કાયમી કરવા, અને ખાલી જગ્યાઓ પર નિયમિત ભરતીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, દર મહિને સમયસર વેતન, જોખમી કામગીરી માટે વિશેષ ભથ્થું, ગુણવત્તાયુક્ત યુનિફોર્મ અને સુરક્ષા સાધનો પૂરા પાડવા પર ભાર મૂકાયો છે.

મહિલા કર્મચારીઓની સુવિધા અને સામાજિક સુરક્ષાઃ યુનિયન દ્વારા મહિલા કર્મચારીઓ માટે સુરક્ષિત કાર્યસ્થળ, પીવાનું શુદ્ધ પાણી અને શૌચાલય જેવી પાયાની વ્યવસ્થા કરવાની માંગ કરાઈ છે. સાથે જ, તમામ કર્મચારીઓને EPF અને ESI જેવા સામાજિક સુરક્ષાના લાભો આપવા તેમજ ફરજ દરમિયાન અકસ્માતના કિસ્સામાં યોગ્ય વળતર આપવા જણાવાયું છે.

આ સાથે સંઘ દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જો નિર્ધારિત સમયમર્યાદામાં આ માંગણીઓ પર લેખિત નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ધરણાં, રેલી અને ઉપવાસ જેવા લોકશાહી માર્ગે આંદોલન કરવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

# કઠલાલમાં જાહેરમાં જુગાર રમતાં ૮ શખસ પકડાયાં

**પોલીસે નાની** શાહપુરના સીમ વિસ્તારમાં જુગારધામ પર દરોડો પાડ્યો



(પ્રતિનિધિ) કઠલાલ તા. ૬

કઠલાલ પોલીસે બાતમીના આધારે નાની શાહપુર ગામની સીમમાં રેઈડ કરી આઠ શખ્સોને પત્તા-પાનાનો જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા છે.

કઠલાલ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ક્વોડના માણસો વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન એ.એસ. આઈ. ઈન્દ્રદાન નરપતદાન અને કોન્સ્ટેબલ કેતનકુમાર મહેન્દ્રભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે નાની શાહપુર ગામની સીમના ખુલ્લા ખેતરમાં કેટલાક ઈસમો હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. ગોહીલના માર્ગદર્શન હેઠળ પોલીસે દરોડો પાડતા સ્થળ પરથી આઠ ઈસમો ઝડપાયા હતા.

આ શખસોની પુછપરછ કરતાં બાબુભાઈ જેસંગભાઈ પરમાર, ગુણવંતભાઈ ઉર્ફે ગુણો સુખાભાઈ સોલંકી, અબ્દુલમીયા ઉમરામીયા ચૌહાણ, ગોવિંદભાઈ ડાહયાભાઈ પરમાર, પરવેજભાઈ ઈસ્માઈલભાઈ વ્હોરા, કાદરભાઈ મન્સુરભાઈ મલેક, પુનમભાઈ મોહનભાઈ પરમાર અને અહેમદઅલી અઝગરઅલી સૈયદ હોવાનું જણાવ્યું હતું. કઠલાલ પોલીસે તમામ પાસેથી રૂા. ૧૦,૩૨૦/-ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કરી તમામ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

'ભગવો' વર્સિસ 'ભગવો' | ૩૪ દુકાનોના મામલે ભાજપ કોર્પોરેટર અને VHP અગ્રણી સામસામે

# નડિયાદમાં ટેમ્પરરી શેડની જગ્યાએ ખડકી દેવાયું કોમર્શિયલ કોમ્પ્લેક્ષ !

**લેન્ડ ગ્રેબિંગની** જૂની અદાવતમાં 'ગેરકાયદે' બાંધકામ હથિયાર બન્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

નડિયાદ શહેરના બિલોદરા રોડ પર આવેલી એક સાઈટમાં ગેરકાયદેસર બાંધકામના મુદ્દે ભારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. સત્તાધારી પક્ષ ભાજપના બે વર્તમાન કોર્પોરેટરોએ પોતાની જ ભગીની સંસ્થા વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણી સામે મોરચો માંડતા સમગ્ર શહેરમાં ચર્ચા જાગી છે. મહાનગરપાલિકામાં થયેલી આ ફરિયાદ બાદ તંત્રએ બિલ્ડરને નોટિસ ફટકારી ખુલાસો માંગ્યો છે.





નડિયાદની બિલોદરા ચોકડી પાસે આવેલા અક્ષય બંગ્લોઝમાં નકશા મુજબ જ્યાં માત્ર 'ટેમ્પરરી શેડ' બનાવવાની મંજૂરી હતી, ત્યાં બિલ્ડર ભુપેન્દ્ર પટેલ અને તેમના પુત્ર તથા VHP અગ્રણી સંદીપ પટેલે ગેરકાયદેસર રીતે ૩૪ દુકાનોનું બે માળનું પાકું વાણિજ્ય બાંધકામ કરી દીધું હોવાનો આક્ષેપ છે. ભાજપના કોર્પોરેટર બાલાભાઈ ભરવાડ અને લાભુબેન ભરવાડે આ બાંધકામ સત્વરે તોડી પાડવાની માંગ સાથે ૪ તારીખે પાલિકામાં ફરિયાદ કરી હતી.

આ અદાવતનું રાજકારણ અને તંત્રની ઢીલી નીતિ આ વિવાદ માત્ર ઈંટ-પથ્થરના બાંધકામ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેના મૂળમાં વ્યક્તિગત અદાવત હોવાનું બહાર આવ્યું છે. VHP અગ્રણી સંદીપ પટેલે વળતો પ્રહાર કરતા જણાવ્યું છે કે, તેમણે અગાઉ આ કોર્પોરેટરો સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ કરાવી હતી, જેની રીસ રાખીને આ ખોટી ફરિયાદ કરવામાં આવી છે.

બીજી તરફ, મહાનગરપાલિકાની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે. ટાઉન પ્લાનર પાસે નકશાની વિગતો હોવા છતાં, સીધી કાર્યવાહી કરવાને બદલે માત્ર નોટિસ પાઠવીને સમય પસાર કરવાનું ટેકનિકલ બહાનું શોધવામાં આવ્યું હોવાની ચર્ચા લોકમુખે થઈ રહી છે. આમ, આ કિસ્સામાં રાજકીય સંઘર્ષની વચ્ચે મનપાની ભૂમિકા પણ શંકાના દાયરામાં છે.

# રાસ સિટી સર્વેમાં અધિકારીની અનિયમિતાથી પ્રજામાં રોષ

**અઠવાડિયામાં માત્ર** એક જ દિવસ ફાળવાયો તેમાં પણ અનિયમિતતાથી રોષ

(પ્રતિનિધિ) બોરસદ તા.૬

બોરસદ તાલુકાના રાસ ગામ ખાતે આવેલી સીટી સર્વે કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી અધિકારી નિયમિત હાજર રહેતા ન હોવાની ફરિયાદો ઉઠી રહી છે. જેના કારણે જમીન સંબંધિત વિવિધ કામગીરી માટે આવતા અરજદારોને વારંવાર ધક્કા ખાવાની ફરજ પડી રહી હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ રાસ તેમજ આસપાસના આઠ ગામ માટે સીટી સર્વેની

કામગીરી અઠવાડિયામાં માત્ર દર ગુરુવારે ફાળવવામાં આવી છે. જોકે ફાળવેલા દિવસે પણ ગુરુવાર મોટાભાગે મેન્ટેનન્સ અધિકારી નિયમિત હાજર ન રહેતા અરજદારોને નિરાશ થઈ પરત ફરવું પડે છે. કેટલાક અરજદારોએ જણાવ્યું હતું કે છેલ્લા ઘણાં અઠવાડિયામાં તેઓ કચેરી ખાતે પણ સીટી સર્વે અધિકારીને મળવા ગયા હતા, પરંતુ ત્યાં અધિકારી ઉપલબ્ધ ન હોવાનું જણાવાયું હતું.

મળતી માહિતી મુજબ રાસ ગામ અને આસપાસના ગામો માટે અઠવાડિયામાં માત્ર એક દિવસ સીટી સર્વે કચેરી સંબંધિત કામગીરી ફાળવવામાં આવી હોવા છતાં તે દિવસે પણ કચેરીમાં કામગીરી ન થતી હોવાના કારણે લોકોમાં અસંતોષ ફેલાયો છે. પરિણામે જમીનના નકશા, માપણી, રેકોર્ડ સુધારા સહિતની મહત્વપૂર્ણ કામગીરી સમયસર પૂર્ણ થઈ શકતી નથી અને અરજદારોને આર્થિક તેમજ સમયનો બોજ સહન કરવો પડી રહ્યો છે. સર્વે કચેરીની કામગીરી નિયમિત કરવા માટે નાગરિકોએ માંગ વ્યક્ત કરી છે.

# નમો લક્ષ્મી યોજનાની સહાય ૬ માસથી ના મળતાં હાલાકી

**નિયમિત હપ્તા ન** મળતાં વિદ્યાર્થિનીઓ અને વાલીઓમાં રોષ વ્યાપ્યો

(પ્રતિનિધિ) આણંદ તા ૬

આણંદ જિલ્લામાં વિદ્યાર્થિનીઓ માટે અમલમાં રહેલી નમો લક્ષ્મી યોજનાની સહાય છેલ્લા છ માસથી નિયમિત મળતી ન હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી પાત્રતા ધરાવતી વિદ્યાર્થિનીઓના બેંક ખાતામાં દર મહિને જમા થતી સહાય અટકી જતા અનેક પરિવારો આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

આણંદ જિલ્લામાં વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતી છાત્રાઓ અને તેમના વાલીઓએ સહાયની ચુકવણીમાં થઈ રહેલા વિલંબ અંગે ભારે આક્રોશ સાથે નારાજગી વ્યક્ત કરી છે.યોજનાના નિયમો મુજબ ધોરણ ૯ અને ૧૦ની યોગ્યતા ધરાવતી લાભાર્થી વિદ્યાર્થિનીઓને દર મહિને ૫૦૦ રૂપિયા લેખે દસ માસ સુધી કુલ ૫ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. જ્યારે ધોરણ ૧૧ અને ૧૨ની વિદ્યાર્થિનીઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા લેખે દસ માસ સુધી કુલ ૧૫ હજાર રૂપિયાની સહાય મળે છે. આ રીતે ધોરણ ૯ થી ૧૨ સુધી તબક્કાવાર કુલ અંદાજે ૫૦ હજાર રૂપિયાની સહાય સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવતી હતી. અગાઉ હપ્તાઓ નિયમિત મળતા હતા, પરંતુ છેલ્લા ઘણા સમયથી ચુકવણી અનિયમિત બનતાં વાલીઓમાં અસંતોષ વધ્યો છે.

નમો લક્ષ્મી યોજનાનો મુખ્ય હેતુ વિદ્યાર્થિનીઓમાં શાળા છોડવાના દરમાં ઘટાડો કરવો, ઉચ્ચ શિક્ષણ તરફ પ્રોત્સાહિત કરવું તેમજ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને શિક્ષણ ખર્ચમાં સહાય પહોંચાડવાનો હતો. જિલ્લાની સરકારી, ગ્રાન્ટેડ તથા માન્ય ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ આ યોજનાનો લાભ મેળવે છે.

વાલીઓના જણાવ્યા મુજબ હવે આધાર કાર્ડ, બેંક ખાતાની વિગતો અને ઓનલાઈન નોંધણીમાં વિસંગતતા દર્શાવી સહાય અટકાવવામાં આવે છે. ઘણી વિદ્યાર્થિનીઓએ જરૂરી દસ્તાવેજો સુધારી ફરીથી રજૂ કર્યા હોવા છતાં હપ્તા જમા થયા નથી. સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન હોવાથી અરજીની સ્થિતિ અંગે સ્પષ્ટ માહિતી પણ મળતી નથી.

શિક્ષણક્ષેત્રે ક્રાંતિકારી પહેલ

# ચારુસેટના ૫૧ શિક્ષકે શિક્ષણ મૂલ્યાંકનની પદ્ધતિ રજૂ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.૬

ચારુસેટ યુનિવર્સિટી સંચાલિત ઈન્ટરનલ ક્વોલિટી એશ્યોરન્સ સેલ દ્વારા 'બોધસૃજન 1.0 : ધ ક્રાફ્ટ ઓફ ક્રિએટિંગ અન્ડરસ્ટેન્ડિંગ' નેશનલ સિમ્પોઝિયમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નેશનલ એજ્યુકેશન પોલિસી - 2020ના ઉમદા વિઝનને ધ્યાનમાં રાખીને યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ યુનિવર્સિટી અને શાળાઓના 51 શિક્ષકોએ શિક્ષણ અને મૂલ્યાંકનની પોતાની શ્રેષ્ઠ પદ્ધતિઓ રજૂ કરી હતી.

આ સિમ્પોઝિયમની ખાસિયત એ રહી કે અહીં શિક્ષકો 'શું ભણાવે છે ?' તેના કરતા 'વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ કેવી રીતે વિકસાવે છે ?' તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે IQAC દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે રજૂ થયેલા તમામ નવતર પ્રયોગોનું સંકલન કરીને 'ઈન્સ્ટીટ્યુશનલ કોમ્પેન્ડીયમ' પ્રકાશિત કરવામાં આવશે, જે રાષ્ટ્રીય સ્તરે અન્ય શિક્ષકો માટે પથદર્શક સંદર્ભગ્રંથ બનશે.

આ ઉપરાંત સિમ્પોઝિયમમાં ચાર સમાંતર સત્રો યોજાયા હતા, જેમાં સક્રિય શિક્ષણ, પરિણામલક્ષી પદ્ધતિઓ, અને ખાસ કરીને ડિજિટલ, AI તથા ICT આધારિત શિક્ષણ જેવા આધુનિક વિષયો પર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા. વિવિધ સંસ્થાઓના 12 નિષ્ણાતોએ આ પ્રયોગોનું મૂલ્યાંકન કર્યું હતું.

ચારુસેટ યુનિવર્સિટીએ શિક્ષણની ગુણવત્તામાં વધારો કરવા અને નવી પેઢીના ઘડતરમાં શિક્ષકોની ભૂમિકાને વધુ સુદ્રઢ કરવા માટે નવી દિશા ચીંધી છે.

# ખેતરોમાંથી પાણી ન ઓસરતાં ફરીથી ધરૂવાડિયા તૈયાર કરાશે

**ભાલ પંથકના મોટા** ભાગના ખેતરો જળબંબાકાર બની જતાં ડાંગરની રોપણીની ખોરંભે

(પ્રતિનિધિ) આણંદ તા ૬

આણંદ જિલ્લામાં આ વર્ષે ચોમાસાની શરૂઆતમાં વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. ખાસ કરીને ડાંગરના ધરૂવાડિયાને પૂરતું પાણી મળી રહે તે માટે અનેક ખેડૂતોને ખાનગી બોરકૂવાઓમાંથી પાણી ખરીદવું પડ્યું હતું. સિંચાઈ માટે નહેરોમાં પાણી છોડવાની માંગ સાથે સરકાર સમક્ષ રજૂઆતો પણ કરવામાં આવી હતી. ત્યારબાદ નહેરોમાં પાણી છોડવામાં આવ્યું હતું, પરંતુ સોજીત્રા અને ઉમરેઠ નહેરમાં ગાબડાં પડવાની ઘટનાઓ સર્જાતા પાણી પુરવઠો ફરીથી બંધ કરવો પડ્યો હતો. પરિણામે ખેડૂતોની પાણીની સમસ્યા યથાવત રહી હતી.

દરમિયાન ખંભાત, સોજીત્રા અને તારાપુર તાલુકામાં ભારે થી અતિભારે વરસાદ વરસતા ભાલ પંથકના મોટા ભાગના ખેતરો જળબંબાકાર બની ગયા હતા. ખેતરોમાં પાણી ભરાઈ જતાં ડાંગરની રોપણીની કામગીરી ખોરંભે પડી હતી. અગાઉ તૈયાર કરાયેલા ધરૂવાડિયા લાંબા સમય સુધી પાણીમાં ગરકાવ રહેતાં કોહવાઈ ગયા અને મોટા પાયે નષ્ટ થયા હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

ભારે વરસાદ ઉપરાંત નદીમાં છોડાયેલા પાણીના કારણે પણ અનેક ખેતરોમાં પાણી ફરી વળ્યાં હતાં. વરસાદે વિરામ લીધાને પાંચ છ દિવસ વીતી ગયા હોવા છતાં હજુ પણ અનેક ખેતરોમાં પાણી ભરાયેલું રહેતા ખેડૂતોને ખેતી સંબંધિત નવી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

નુકસાન છતાં મોટાભાગના ખેડૂતો હવે ફરીથી ધરૂવાડિયા તૈયાર કરી નવા ખર્ચ સાથે ડાંગરની રોપણી કરવાની સ્થિતિ સર્જાઈ છે. ખેડૂતોના જણાવ્યા મુજબ જો હવામાન અનુકૂળ રહેશે તો ઓક્ટોબરથી નવેમ્બર દરમિયાન ડાંગરનો પાક તૈયાર થવાની સંભાવના છે.

ખેડૂત વર્ગમાં હજુ પણ આશાવાદ જોવા મળી રહ્યો છે. આ વર્ષે જિલ્લામાં પૂરતો વરસાદ નોંધાતા ડાંગરનો ગુણવત્તાયુક્ત અને મબલખ પાક મળવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

# આણંદ જિલ્લામાં પાંચ દિવસથી વરસાદી વિરામ બાદ ઉઘાડ નીકળ્યો

**આગામી દિવસોમાં** વરસાદ ફરી સક્રિય બને તો વાવેતર કરાયેલા પાકોને પૂરતો ભેજ મળવાથી લાભ થવાની શક્યતા

(પ્રતિનિધિ) આણંદ તા ૬

આણંદ જિલ્લામાં જુલાઈના પ્રથમ પખવાડિયામાં ખેડૂતો અને સામાન્ય જનતાની અપેક્ષા મુજબ વરસાદ નોંધાયો નહોતો. જોકે બીજા પખવાડિયામાં સતત ચારથી પાંચ દિવસ મેઘમહેર વરસતા સમગ્ર ચરોતર વિસ્તારના ખેતરોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં ખેતીકાર્યો પર પણ અસર પહોંચી હતી. હાલમાં છેલ્લા પાંચ-છ દિવસથી વરસાદે વિરામ લીધો હોવાથી જિલ્લામાં ઉઘાડ નિકળ્યો છે અને આકાશમાંથી વરસાદી વાદળો લગભગ અદ્રશ્ય થઈ ગયા છે. દિવસ દરમિયાન બપોરે ફરી તાપ અનુભવાઈ રહ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતો દ્વારા ચોમાસુ પાક તરીકે ડાંગર, બાજરી, મકાઈ સહિતના પાકોનું વાવેતર મોટા પાયે પૂર્ણ કરવામાં આવ્યું છે. વરસાદી વિરામને કારણે ખેડૂતોમાં પાકની આગળની વૃદ્ધિ અંગે ચિંતા સાથે આશા-નિરાશાની સ્થિતિ જોવા મળી રહી છે. જો આગામી દિવસોમાં વરસાદ ફરી સક્રિય બને તો વાવેતર કરાયેલા પાકોને પૂરતું ભેજ મળવાથી લાભ થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. બોરસદના જ્યોતિષાચાર્ય ઘનશ્યામદાસ મહારાજના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં 'હાથીનું વાહન' શરૂ થતું હોવાથી સારા વરસાદની સંભાવના છે. તેમના મત મુજબ હાથીનું પાણી સાથે ઘનિષ્ઠ પ્રતિકાત્મક જોડાણ માનવામાં આવે છે અને પરંપરાગત જ્યોતિષ શાસ્ત્રોમાં તેને વરસાદ માટે શુભ સંકેત ગણવામાં આવે છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે તા. ૨૨ ઓગસ્ટથી તા. ૭ સપ્ટેમ્બર દરમિયાન સૂર્ય, બુધ અને કેતુ સિંહ રાશિમાંથી પસાર થવાના છે. આ સમયગાળામાં સૂર્ય આશ્લેષા નક્ષત્રમાં પ્રવેશ કરી ચૂક્યો છે અને ત્યારબાદ મઘા નક્ષત્રમાં પ્રવેશ કરશે. જ્યોતિષ શાસ્ત્રના અનુમાન મુજબ આ બંને નક્ષત્રો પાણી અને વરસાદ સાથે સંબંધિત માનવામાં આવતા હોવાથી ભારે



કે અતિભારે વરસાદની શક્યતા નકારી શકાય નહીં.

ખેડૂત વર્ગનું માનવું છે કે જો ચોમાસાના અંતિમ તબક્કામાં પણ સારો વરસાદ થાય તો જમીનમાં પાણીના તળ ઊંચા આવશે અને તેનો લાભ રવિ પાક તેમજ પીવાના પાણીની સ્થિતિમાં ઘણો સુધારો અનુભવાશે. હાલ તો જિલ્લામાં ઉઘાડ હોવા છતાં વરસાદી ચક્ર અંગે લોકોની નજર આકાશ તરફ જ ટકેલી છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225